અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે
સરકારી કુમાર છાત્રાલય, ધોળકા,
જી.અમદાવાદના મકાન બાંધકામને
વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્ર: પવછ-૧૦૨૦૧૧-ન.બા.-૨૩-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૩ -૦૪-૨૦૧૨.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણનો તા. ૨૨-૧૧-૨૦૧૧ નો પત્ર ક્રમાંક-અજાક-ગ-૧-૨૦૧૧-૧૨-૮૪૮૫-૮૬.

ઠ રા વ:-

અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે સરકારી કુમાર છાત્રાલય, ધોળકા, જી.અમદાવાદના મકાન બાંધકામ માટે રૂ.૭૦.૦૦ લાખ પ્લાનમાં નવી સેવાને ઉપર આમુખમાં ક્રમાંક-૧ સામે દર્શાવેલ પત્રથી નવી સેવા તરીકે રજુ કરવામાં આવેલ હતી. જે નવી સેવાનો વર્ષ ૨૦૧૨-૧૩ ના બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજુરી આપવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે અનુસુચિત જાતિના વિધાર્થીઓ માટે સરકારી કુમાર છાત્રાલય, ધોળકા, જી.અમદાવાદના ના મકાન બાંધકામ માટે રજુ કરવામાં આવેલ રૂ. ૭૦.૦૦ લાખ (અંકે રુપિયા સિતેર લાખ પુરા) ને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૨-૧૩ ની અંદાજપત્રિય જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ એ સૂચિત યોજના સમયસર પૂર્ણ થાય તે માટે અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે. અને યોજનાનો મુળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૪) સમયસર કામ પુર્ણ થાય તેની જવાબદારી નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ની રહેશે.

અંદાજીત રકમમાં વધારો થાય તો નાણા વિભાગની મંજૂરી અચુકપણે મેળવવાની
..

નિયત થયેલ થયેલ કામમાં વધારો/ઘટાડો થાય તો પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

આ યોજના અંગેનો ખર્ચ તા.૧-૪-૨૦૧૨ પછીજ કરવાનો રહેશે.

બાંધકામની યોજના માટે વિભાગે નવા એસ.ઓ.આર મુજબ નકશા અંદાજો રજુ ે સક્ષમ અધિકારીની વહીવટી / તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રઃ પીએ- ૧૦૨૦૦૫-૧૪૦૭-છ, તા.૨૨-૧૧-૨૦૦૬ અન્વયે ।।ઇ।। ટેન્ડરીંગ બાબતમાં ામાં આવેલ જોગવાઇઓ / સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ બંધકામ સમય મર્યાદામાં સંતોષકારક રીતે પૂર્ણ થાય તે માટેની ટરીંગની વ્યવસ્થા નિયામકશ્રી(અજાક) કક્ષાએ ગોઠવવી અને કામની સમીક્ષા અંગે ાંતરે બેઠક યોજવાની રહેશે.

આ બાધકામની અંદર કંમ્પાઉન્ડ વોલનો સમાવેશ કરી દેવાનો રહેશે.

આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે રશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

આ બાંધકામ અંગે ભારત સરકાર તરફથી મંજૂરી મેળવી લેવાની રહેશે. તેમજ ંગે મળવાપાત્ર હિસ્સો મેળવી લેવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદરઃ માંગણી નં. ૯૨- મુખ્ય સદર – ૨૨૨૫ – જાતિઓ, અનુ. જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭- ૧- પેટા સદર- બીસીકે-૨૫- અનુસૂચિત જાતિના સરકારી કુમાર છાત્રાલયોનુ ામ હેઠળ થયેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨- ૧૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીમતીએસ.આર.ભુરીયા)
ઉપ સચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

ાકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજય, ગાંધીનગર
ન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
ટ ઓડીટ ઓફિસર, ગાંધીનગર.
ાચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ, સચિવાલય ગાંધીનગર.
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદ
જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, અમદાવાદ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પંચાયત) જીલ્લા પંચાયત, અમદાવાદ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ
સિલેકટ ફાઇલ.